# પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા “પશુઆહારમાં બાયપાસ ફેટ, બાયપાસ પ્રોટીન અને મિનરલ મિક્ષ્ચરનું મહત્વ” વિષય ઉપર ક્ષેત્રીય તાલીમ યોજાઇ

વધુ ઉત્પાદન આપતા પશુઓની શક્તિની જરૂરીયાત તેમની ખોરાક ખાવાની ક્ષમતા પ્રમાણે આહાર આપવાથી પણ સંતોષી શકાતી નથી. આવા સંજોગોમાં  જે ગાય-ભેંસ ૧૫-૨૦ કિ.ગ્રા. અથવા તેથી વધુ દૂધ આપે છે ત્યારે તેઓના આહારમાં બાયપાસ ચરબી(ફેટ)નો ઉપયોગ કરવો જોઇએ. તારીખ ૧૮/૦૯/૨૦૧૯ ના રોજ પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા), આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા મચ્છાઇ તોયણી ગામમાં પશુપાલક ભાઇઓ અને બહેનોની “પશુઆહારમાં બાયપાસ ફેટ, બાયપાસ પ્રોટીન અને મિનરલ મિક્ષ્ચરનું મહત્વ” વિષય ઉપર તાલીમ આપવામાં આવી.

પશુ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રાધ્યાપક,  ડો. કે. એન. વાઘવાની દ્વારા વગોળતા પશુઓના આહારમાં “બાય-પાસ પ્રોટીન દાણ અને અને બાય-પાસ ફેટ ઉમેરવાથી પશુના વૃધ્ધિદરમાં વધારો થાય, દૂધ ઉત્પાદન વધુ મળે, પશુઓની ખોરાક વપરાશની ક્ષમતામાં વધારો થાય વગૈરે ફાયદાઓથી પશુપાલકોને સમજણ પુરી પાડેલ હતી.

ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ મિનરલ મિક્ષ્ચર એટલે શું તે પશુઓને શા માટે આપવામાં આવે, પશુઆહારમાં મિનરલ મિક્ષ્ચર આપવાથી થતા દૂધાળા પશુઓને થતા ફાયદાઓથી પશુપાલકોને માહિતગાર કરેલ હતા.

તાલીમાર્થીઓને પશુ વિજ્ઞાન કેન્દ્ર(લીમખેડા) દ્વારા બાયપાસ ફેટ અને બાહ્ય પરોપજીવીઓ જેવા કે ઇતરડી જૂ, તથા લીખના નિયંત્રણ માટે જતુનાશક દવાનું વિતરણ કરવામાં  આવ્યું.

## પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા “પશુઆહારમાં બાયપાસ ફેટ, બાયપાસ પ્રોટીન અને મિનરલ મિક્ષ્ચરનું મહત્વ” વિષય ઉપર ક્ષેત્રીય તાલીમ યોજાઇ

તારીખ: ૧૮/૦૯/૨૦૧૯ ગામ: મચ્છાઇ તોયણી તાલુકો: સીંગવડ







પશુ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી


પશુ વિજ્ઞાન કેન્દ્ર

